ડીસામાં શંકાસ્પદ સ્વાઈન ફ્લુનાં એક જ પરિવારનાં સાત દર્દી

ડીસા, તા. ૨૮

ડીસાની ખાનગી હોસ્પિટલમાં સાગમટે એક જ પરિવારનાં સાત શંકાસ્પદ સ્વાઈન ફ્લુ દર્દી આવતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. આ તમામ દર્દી એક જ પરિવારના અને ધાનેરા તાલુકાનાં છેડીવાડા ગામના રહીશ હોવાનું બહાર આવેલ છે. જેમને ખાનગી હોસ્પિટલમાંથી ડીસા તાલુકા હેલ્થ અધિકારીની દેખરેખ નીચે પાલનપુર સિવિલ હોસ્પિટલનાં સ્વાઈન ફ્લુના અલાયદા વોર્ડમાં સારવાર અર્થે ખસેડેલ છે, જેનાથી જીલ્લા આરોગ્ય તંત્ર દોડતું થયું છે.

બનાસકાંઠાના ડીસામાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં ધાનેરા તાલુકાનાં છેડીવાડા ગામના રહીશ એવા એક જ પરિવારનાં સાત સભ્યો શંકાસ્પદ સ્વાઈન ફ્લુની સારવારે દાખલ કરાતા તંત્ર દોડતું થયું છે. ડીસાના ડો. ચેતન પંચાલની હોસ્પિટલમાં ગઈકાલે સાત દર્દી તાવ, શરદી, ખાંસી, અને ગળાના દુખાવા સહીતનાં સ્વાઈન ફ્લુના શંકાસ્પદ લક્ષનો એ સારવાર અર્થે દાખલ કરાયાં હતા. આ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા એક જ પરિવારનાં (૧) કરમશીભાઈ રણછોડભાઈ ઠાકોર ઉમર વર્ષ -૫૦ (૨) સેનાભાઈ કરમસીહ ઠાકોર ઉમર વર્ષ -૩૦ (૩) મુકેશભાઈ કરમશીભાઈ ઠાકોર ઉમર વર્ષ -૨૦ (૪) સમદાબેન કરમશીભાઈ ઠાકોર ઉમર વર્ષ- ૪૦ (૫) કલ્પેશભાઈ કરમસીહભાઈ ઠાકોર ઉમર વર્ષ- ૧૩ (૬) નરેશભાઈ કરમસીભાઈ ઠાકોર ઉમર વર્ષ- ૧૬ (૭) આકાશ ઠાકોર ઉમર વર્ષ- ૫ સહીતનાં તમામ દર્દી ડો. ચેતન પંચાલની તબીબી સારવારમાં શંકાસ્પદ સ્વાઈન ફ્લુ દર્દી લાગતા ખાનગી તબીબ ચોંકી ઉઠ્યા હતા. જયારે બીજી તરફ આ બાબતની જાણ ડીસા તાલુકા હેલ્થ અધિકારી ડો. ઉમેશભાઈ ઝવેરીને થતા તે ખાનગી હોસ્પિટલ દોડી આવ્યા હતા અને તમામ દર્દીને પાલનપુર ખાતે સિવિલ હોસ્પિટલમાં સ્પેશીયલ સ્વાઈન ફ્લુ આઈસોલેટેડ વોર્ડમાં લેબોરેટરી ટેસ્ટ અને સારવાર અર્થે ખસેડ્યા હતા. જોકે દર્દી એવા મુકેશભાઈએ તેમના પરિવારનાં તમામને શંકાસ્પદ સ્વાઈન ફ્લુ થયાનું જણાવ્યું હતું.

જોકે ૨૪ કલાકથી વધુ સમય સુધી ખાનગી હોસ્પિટલનાં ડોકટરે બેદરકારી પૂર્વક શંકાસ્પદ સ્વાઈન ફ્લુનાં સાત જેટલા દર્દીની સારવાર કરતા હોસ્પિટલ સ્ટાફ અને અન્ય દર્દી આ દર્દીઓનાં સંપર્કમાં આવ્યા હતા. જેમને ચેપ લાગવાનો ભય ઉભો થયો છે. જેથી ડીસા તાલુકા હેલ્થ અધિકારી ડો. ઉમેશભાઈ ઝવેરીએ જાતે જ ખાનગી હોસ્પિટલની ટીમ સાથે મુલાકાત લઈ ખાસ તપાસ હાથ ધરી હતી અને આ રોગના વાઈરસ અન્યોમાં ફેલાયા તો નથી ને તે બાબતની ખાસ ઝીણવટભરી રીતે તપાસ હાથ ધરી છે. ત્યારે એક જ પરિવારનાં સાત દર્દી શંકાસ્પદ સ્વાઈન ફ્લુમાં સપડાતા ધાનેરા હેલ્થ વિભાગ સાથે બનાસકાંઠા જીલ્લા હેલ્થ અધિકારી અને જિલા રોગ નિયંત્રણ અધિકારીની ટીમોએ આરોગ્યલક્ષી તપાસ હાથ ધરેલ છે.

ઉમરેઠમાં સ્વબચાવ શિક્ષણ શિબિરનો કાર્યક્રમ સંપન્ન

ઉમરેઠ, તા.૨૮

આણંદ જીલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ઉમરેઠ પોલીસ સ્ટેશન ધ્વારા આયોજીત સ્વબચાવ શિક્ષણ શિબિરનો પુર્ણાહુતિ કાર્યક્રમ પ્રાથમીક શાળા પરવટા મુકામે તેમજ શ્રી સરસ્વતી વિધામંદીર લીંગડા ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં ધો.૫ થી ૮ ની ૩૬ જેટલી બાળાઓને કરાટે/જુડોની તાલીમ વાડોકાઈ ડો કરાટે એકેડેમી આણંદના જીજ્ઞેશભાઈ ઠકકર તથા સ્ટાફ ધ્વારા આપવામાં આવેલ.કાર્યક્રમમાં પરવટા ગ્રામ પંચાયતના સરપંચ બુધાભાઈ હરમાનભાઈ જાદવ તથા પરવટા મહીલા સમીતીના સભ્યો તથા તાલુકા પંચાયત ઉમરેઠના સભ્ય રોહીતભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

યુનિક-યુ સ્કૂલમાં સંસ્કારોનું જતન માટે વર્કશોપ યોજાયો

બાળકો એ કુમળો છોડ છે. તેને જેમ વાળીએ તેમ વળે. બાળપણથી જ બાળકોમાં સંસ્કારો અને મૂલ્યોનું સિંચન થાય તે માટે ઈડરની યુનિક-યુ સ્કૂલમાં સંસ્કારોનું જતન પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી થાય તેવી માહિતી આપવામાં આવી હતી.

પિલુદ્રાની શિક્ષિકાનું હાર્ટ એટેકથી મોત

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લા ના -ંતિજ તાલુકાના પિલુદ્રા ગામે -ાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા નેહાબેન યોગેન્દ્રસિંહ રમલાવત શનિવારે સ્કુલમાં ફરજ બજાવી પરત પોતાના ઘરે હિમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ શારદા કુંજ સોસાયટીમાં આવતા હતા ત્યારે કાર માં બેઠા બાદ એમના એમ જ બેસી રઝા હતા દરમિયાન રસ્તામાં કઈ ના બોલતા હિમતનગર સિવિલમાં લાવ્યા હતા જયાં ડોકટરે તપાસી મૃત જાહેર કર્યા હતા આ અંગે હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજમાં સ્વાઈન ફ્લુથી બચવા શાળાના બાળકોને માદળીયા પહેરાવવામાં આવ્યા

એલાયચી, કપુર, અજમાનો પાવડર કરી કપડામાં બાંધી કાળા દોરા સાથે માદળીયા તૈયાર કરાયા

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લા સહિત સ્વાઈન ફ્લુ નામના રોગ એટલો બધો વકર્યો છે કે રોગનું નામ સાંભળતા જ ભલભલાના હોશ ઉડાવી દે જ્યારે સહિત અન્ય જિલ્લાઓમાં પણ આ રોગ બેકાબુ થતા રોગથી બચવા તથા રોગ પ્રતિકારક શક્તિ વધારવા હાલ લોકો અવનવા પ્રયોગ દ્વારા રોગ મુક્ત તથા રોગ પ્રતિકારક શક્તિ વધારવા નવીનવી તરકીબ અપનાવતા હોય છે.

પ્રાંજ તાલુકાના નવા બાકલપુર ગામે શિક્ષકો દ્વારા પોતાની શાળાના બાળકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને હાલ ચાલી રહેલ સ્વાઈન ફ્લુ રોગ સામે રક્ષણ મળે તથા રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે શાળાના આચાર્ય રાવલ તપેન્દ્રભાઈ તથા શિક્ષક હીનાબેન દ્વારા પોતાના શાઆના બાળકો સ્વસ્થ રહે તે માટે કપુર, એલાયચી, અજમો મીક્ષ કરી તેનો પાવડર બનાવી તેને કપડામાં વિંટીને આયુર્વેદિક માદરીયા બનાવી કાળા દોરાથી બાંધી શાળાના બાળકોને પહેરાવવામાં આવ્યા હતા. જેમાં શાળાના બાળકો સહિત ગામના ભુલકાઓને પણ આ આયુર્વેદિક માદરીયા આપવામાં આવ્યા હતા. જ્યારે પ્રાંતિજ ખાતે આવેલ શેઠ પી.એન્ડ. આર. હાઈસ્કૂલમાં જાયન્ટ ગૃપ દ્વારા આયુર્વેદિક ગોળીઓ બાળકોને ડોર ટુ ડોર ગોળીઓનો ડોઝ આપવામાં આવ્યો હતો. જ્યારે શનિવારના દિવસે શાળાઓમાં તથા રવિવારના દિવસે ભાંખરીયા બસ સ્ટેન્ડજેવા જાહેર સ્થળોએ જાયન્ટ ગૃપ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવનાર છે. જેવુ જાન્ટ ગૃપના પંકજભાઈ ભાવસાર તથા મિતેષભાઈ દ્વારા જાણવા મળ્યું છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ખંભીસરમાં કપિરાજનો ભારે આતંક : એક મહિલાને ઈજા

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં વાંદરાઓનો ત્રાસ ખુબ વધી ગયો છે. જંગલોનો નાશ થઈ જવાના કારણે કપિરાજે હવે ગામડાઓમાં વિહરતા નજરે પડે છે. તદ્ઉપરાંત વાંદરાઓ માણસો જોઈને ભૂરાય થઈને અચાનક માણસો પર હૂમલો કરી દેતા માણસોને શારરીક ઈજાઓ પહોંચે છે. ત્યારે ખંભીસર ગામમાં કપિરાજનો ત્રાસ વધી ગયો હોવાથી ખંભીસરના પ્રજાજનો ભયના માહોલમાં સમય પસાર કરી રહ્યા છે.

મોડાસા તાલુકાના ખંભીસર ગામે છેલ્લા કેટલાય સમયથી દસેક જેટલા વાનરોની ટોળકીએ આંતક મચાવ્યો છે. આ વાનરો અચાનક જ હુમલો કરે છે. ઘરોમાં ઘુસી જાય છે. જેના કારણે ગ્રામજનોમાં ભયની લાગણી ફેલાઈ છે. થોડા દિવસ પહેલા શાળામાં જતા બાળકોની પાછળ આ વાનરોનું ટોળુ પડતા બાળકોના વાલીઓ ભયભીત બની ગયા હતા. બાળકો પણ શાળામાં જતા ગભરાટ અનુભવે છે. વાનરોની ટોળકી રાત દિવસ ધમાલ મચાવી ચીચીયારીઓ પાડી રસ્તા ઉપર ઉતરી આવે છે. જેના કારણે રસ્તા ઉપર અવર જવર કરતા લોકો ગભરાય છે. બે દિવસ પહેલા સાંજના સુમારે ગામની એક મહિલા પોતાના ઘર આગળ ઘરકામ કરતા હતા ત્યારે અચાનક આ વાનરોના ટોળાએ આ મહિલા પર હૂમલો કરતાં હેબતાઈ ગયેલી મહિલા ઘર તરફ ભાગવા જતા જમીન પર પડી જતા હાથના ભાગે ફ્રેક્ચર થતાં તાબડતોબ દવાખાને ખસેડાયા હતા.

હિંમતનગરના ઓવરબ્રિજ પર અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર ના રેલ્વે ઓવરબ્રિજ પર શુક્રવારે રાત્રે અજાણ્યા વાહને ટક્કર મારતા બાઈક ચાલક યુવાન નું મોત નીપજયું હતું જયારે સવાર ને ગંભીર ઈજાઓ થતા અમદાવાદ સિવિલમાં સારવાર માટે ખસેડાયો હતો.બનાવ અંગે હિમતનગર એ ડીવીઝન પોલીસ મથકે નાગરભાઈ મગનભાઈ વણકરએ શનિવારે ફરિયાદ નોધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે -ંતિજ તાલુકાના પોગલું ગામના રાકેશજી ભીખાજી મકવાણા હિમતનગર સિવિલમાં દાખલ કરેલ હતા દરમિયાન શુક્રવારે રાત્રે ૧૦ વાગે ટીફીન આપી પરત પોગલું બાઈક લઈને જઈ રઝ્ઝો હતો અને તેની સાથે બાઈક પર આ જ ગામનો તેનો મિત્ર પરેશભાઈ વણકર પણ હતો ત્યારે શહેરના ઉમાશંકર રેલ્વે ઓવરબ્રિજ પર કોઈ અજાણ્યા વાહને બાઈક ને ટક્કર મારી નાસી ગયેલ જેથી રાકેશજી ભીખાજી મકવાણા (ઉ.વ.૨૫)નું ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજયું હતું જયારે સવાર પરેશભાઈ વણકર ને શરીરે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે હિમતનગર સિવિલમાં ખસેડાયેલ હતો જેને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડાયેલ આ અંગે પોગલું ના નાગરભાઈ મગનભાઈ વણકરએ હિમતનગર એ-ડીવીઝન શનિવારે ફરિયાદ નોધાવી હતી.

ઊંઝામાં ક્રિકેટ મેચ આધારિત સટ્ટો રમાડતા બે સટ્ટોડીયા ઝડપાયા

ઊંઝા, તા. ૨૮

ઊંઝા શહેરમાં વર્લ્ડકપ ક્રિકેટને લઈને ક્રિકેટ મેચ આધારિત સટ્ટો ખેલતા સટ્ટોડીયા સક્રિય બની ગયા છે. ત્યારે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ અને જિલ્લા બહારની એજન્સી દ્વારા શહેરમાં દરોડાઓ પાડવામાં આવી રહ્યા છે. પરંતુ શહેરમાં જે રીતે ક્રિકેટ સટ્ટાનું દૂષણ વ્યાપક બનેલ છે તેની સરખામણીમાં દરોડાઓનું પ્રમાણ ખૂબ ઓછુ હોઈ સટ્ટોડિયાઓને ફાવટ આવી ગઈ હોવાનું ચર્ચાય છે.

તાજેતરમાં શહેરના ચંદ્રપરામાં એક રહેણાંક મકાનમાં ચાલતા ક્રિકેટ સટ્ટાધામ પર એલ.સી.બી. પોલીસે ક્રિકેટ સટ્ટા અંગે દરોડો પાડી પોતાના આર્થિક ફાયદા માટે વર્લ્ડ કપની રમાતી ક્રિકેટ મેચ પર ટી.વી.ના જીવંત પ્રસારણ પર બોબડી લાઈન મોબાઈલ ફોનથી સટ્ટા બેટીંગ રમતા રમાડતા પટેલ હસમુખ નારણદાસ તથા પટેલ ધર્મેન્દ્ર અંબાલાલ બંને રહે. ઊંઝાને પકડી પાડ્યા હતા. બાદ સ્થળ પરથી પોલીસે રંગીન ટી.વી., મોબાઈલ ફોન, રોકડ રકમ રૂપિયા ૨૮૦૦ મળી કુલ ૯૪૫૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી જુગારધારા મુજબ ગુનો નોંધાવતાં સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આમ જિલ્લા અને બહારની પોલીસ દ્વારા શહેરમાં ક્રિકેટ મેચ પર રમતા સટ્ટા અંગે દરોડાઓ પાડવામાં આવતાં સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠ્યા છે.

બીજુંશહેરના શિલ્પ કોમ્પલેક્ષમાં ક્રિકેટ મેચ આધારિત સટ્ટો ખેલાતો હોવાની મળેલ બાતમીના આધારે ગાંધીનગર આર.આર.સેલે તપાસ કરી હતી. પરંતુ અહીં કશુ ન મળતાં નીલ રેડ બનાવવામાં આવી હતી. શહેરીજનોમાં આ રેડને પગલે પોલીસની કાર્યશૈલી સામે શંકા કુશંકાઓ જાગી છે.

ઊંઝા શહેર અને તેની આસપાસના વિસ્તારમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે દેશી વિદેશી દારૂ વરલી મટકા, પત્તાપાનાના જુગારના અડ્ડાઓ, ક્રિકેટ સટ્ટો, કેફી દ્રવ્યોનું વેચાણ, અનૈતિક પ્રવૃત્તિઓ જેવી સમાજ વિરોધી બદીઓએ ભારે ઉપાડો લીધો હોવાનો લોકપોકાર ઉઠ્યો છે.

કહે છએ કે, આ વિસ્તારમાં અનિયંત્રિત પણે અસામાજીક પ્રવૃત્તિઓ ફુલીફાલી છે. આ પ્રવૃત્તિઓ ચાલવા પાછળ કથિત ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓને તગડા હપ્તાઓ મળી રહે છે તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે. સ્થાનિક પોલીસમથકે પાસપોર્ટના વેરીફિકેશનના કામમાં તેમજ અન્ય જરૂરી દાખલાઓ મેળવવામાં નાગરિકો પાસેથી કટકી કરવામાં આવતી હોવાની પણ લોક ફરિયાદ ઉઠી છે.

અત્રે પોલીસમથકે પાસપોર્ટ વેરીફિકેશનનું કામ સંભાળતા એક પોલીસ કર્મચારી વિરૂદ્ધ છેલ્લા દસેક માસથી લાંચ અંગેની ઓન લાઈન ફરિયાદ થઈ છે. તેમ છતાં હજી સુધી આ અંગેની કોઈ તપાસ થઈ નથી. પરિણામે આ કથિત ભ્રષ્ટ કર્મચારી બિન્દાસથી ઊંઝા પોલીસ મથકમાં ફરજ બજાવે છે.

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને એન.એસ.એસ. યુનિટ ધ્વારા સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કેમ્પ બામણા ગામના બસ સ્ટેન્ડ પાસે યોજાયો હતો. માર્ગ ઉપર અવર-જવર કરતા વાહનો ઉભા રખાવી ઉકાળો પીવડાવવામાં આવતો હતો. ધુલેટા શ્રી જલારામ મંદીરમાં આવતા ભાવિક ભક્તોને ઉકાળો પીવડાવ્યો હતો. બામણા અને પુનાસણ ગામની સ્કુલોમાં વિદ્યાર્થીઓને તેમજ આ વિસ્તારમાં ઘરે-ઘરે ફરી ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને એન.એસ.એસ. યુનિટ ધ્વારા સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કેમ્પ કાર્યક્રમ સફળ બનાવવા પ્રિ.ડૉ.કલ્પનાબેન પટેલ, એન.એસ.એસ. પ્રો.ઓ.મહેશભાઈ પી.વર્મા, પ્રતિકભાઈ પ્રજાપતી, નિખિલભાઈ પટેલ તેમજ કોલેજના સ્ટાફ પરીવારે આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

મોડાસાની સરસ્વતી બાલ મંદિર સંચાલિત શાળાઓનો શરદોત્સવ ધામધૂમથી યોજાયો

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના શ્રી મહાલક્ષ્મી ટાઉનહોલમાં શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત શ્રી ઈન્દુલાલ વલ્લભદાસ દેસાઈ સરસ્વતી બાલમંદિર (ડીપશાખા)થી મોડાસા નાગરીક સહકારી બેંકલી બાલમંદિર (રત્નદિપ શાખા) અને શ્રી વેણીચંદ શામળદાસ શાહ સરસ્વતી પ્રાથમિક શાળા (ડીપ રત્નદીપ શાખા) અને કાન્તીભાઈ એચ. પટેલ કોમ્પ્યુટર સેન્ટર (ડીપ, રત્નદીપ) શાળાઓનો શારદાત્સવ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમજ શ્રી સરસ્વતી હાલમંદિર મંડળ દ્વારા અરવલ્લી જિલ્લાના પ્રથમ કલેક્ટર બી.જે. ભટ્ટને સન્માનપત્રથી નવાજવામાં આવ્યા હતા.

મોડાસા શહેરના શ્રી મહાલક્ષ્મી ટાઉનહોલમાં આજે શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંતાલિત શાળાઓનો શારદોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં શાળા અને બાલમંદિરના ભુલકાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ અને નાટ્ય પ્રદર્શીત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધો. ૧ થી ૭ના ભુલકાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શારદોત્સવ મહોત્સવમાં આ સરસ્વતિ બાલમંદિર મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષી અને મડંળના સદસ્યોએ અરવલ્લી જિલ્લા કલેક્ટરને સન્માનપત્ર અર્પણ કરવાની સાથે મોમેન્ટો આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ, એમના પરિવારજનો, મહેશભાઈ પટેલ (ચેરમેન, સાબરકાંઠા સહકારી બેંક લી.), કનુભાઈ પટેલ (જમીન વિકાસ બેંક લી. ચેરમેન), મોડાસાના મેયર એસ.આર. પટેલ તેમજ મોડાસા શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શારદોત્સવમાં શ્રી સરસ્વતિ હાલમંદિરના ભુલકાઓ અને તેમના વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

મુસલા જમાત તેમજ મુસલા સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ધાનેરા ખાતે ભવ્ય મહેફિલ યોજાઈ

ધાનેરા, તા. ૨૮

ધાનેરા ખાતે સુન્ની જમાત અને મુસ્લ સમાજ સેવા ટ્રસ્ટ દ્વરા પીરાને પીર દસ્તગીર (ર.અ.ત.) ની અગિયારમી નિમિતે બગીચા લીન કોલેજવાળા બાગમાં એક અજીમોશાન જસ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમ્યાન અમદવાદથી પધારેલા મૌલાના મુકિત મોહિનુદીન સાહેબ શેર એ ગુજરાત અમદાવાદ વાળાને તમામ મુસ્લી જમાત કો હિદાયત દીફલફી દુનિયા ઔર આખીરાત સવાર ના ચાહતે હો તો દિન કે સાથ હો જાઓ બુરાઈ સે દુર રહો ઔર તમામ કોમ એક બને એ માટે દુઆ કરી હતી અને બહારથી આવેલા નાતખાન મહમદ ફિરોજી અસરફી અને મહમદ ફિરોજી હસ્મતી (બુલબુલે પાલી) ની નાત સાંભળી લોકો જુમી ઉઠ્યા હતા તથા આ જસ્નને સફળ બનવા માટે જે પણ ભાઈઓએ હિસ્સો દીધેલો તે બદલ મુસલા સમાજ સેવા ટ્રસ્ટના -મુખ અશ્કરભાઈ એસ મુસલા તથા ઉપ -મુખ ઈબ્રાહીમભાઈ એચ મુસલા તથા ટ્રસ્ટ ના તમામ ટ્રસ્ટીઓ એ કાર્યક્રમ સફળ બનવા માટે આભાર માન્યો હતો આ મહેફિલમાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને મોડી રાત સુધી લોકોએ મહેફિલની મજા માની હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦